| | | | | |
|---|---|---|---|---|
| ચાર્જશીટ દાખલ તારીખ | ૦૨/૦૧/૨૦૨૬ | | | |
| રજીસ્ટર કર્યા તારીખ | ૦૨/૦૧/૨૦૨૬ | | | |
| નિકાલ કર્યા તારીખ | ૦૩/૦૪/૨૦૨૬ | | | |
| સમય અવધિ | વર્ષ | માસ | દિવસ | |
| | ૦૦ | ૦૩ | ૦૧ | |

सत्यमेव जयते

**ફો.કેસ.નં. ૧૭/૨૦૨૬**

**આંક–...**

**–:: નમૂના – એ ::–**

| | |
|---|---|
| **મહુવાના પ્રિન્સીપાલ સિવિલ જજ તથા જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મહુવા, જિ.સુરત.** | |
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭,૧૮૪ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજિ.નં.૧૧૨૧૪૦૩૧૨૫૦૩૧૪/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ | મહુવા પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદપક્ષ તરફે રજૂઆત | એ.પી.પી. શ્રી એમ.યુ.પટેલ |
| આરોપી | સતિષભાઈ શંકરભાઈ પટેલ<br>રહે. રાણત ગામ, દાદરી ફળીયુ, તા.મહુવા, જિ. સુરત.<br>મુળ રહે. તલાવચળા ગામ, ઢેંચા ફળીયા, તા. ચીખલી, જી. નવસારી |
| બચાવપક્ષ તરફે રજૂઆત | વિ.વકીલશ્રી સી.એ.કેદારીઆ. |

## **–:: નમૂના – બી ::–**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૧/૦૩/૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૧/૦૩/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૦૨/૦૧/૨૦૨૬ |
| તહોમતનામા/પ્લીની તારીખ | ૩૧/૦૧/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૩૧/૦૧/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૩/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૩/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

## **:: આરોપીની વિગત ::**

| અનુ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | બી.એન.એસ.એસ. ની કલમ – ૪૬૮ (ફો.કા.સં. ની કલમ – ૪૨૮) મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સતિષભાઈ શંકરભાઈ પટેલ | ૧૧/૦૩/૨૦૨૫ | ૧૧/૦૩/૨૦૨૫ | બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭,૧૮૪ | નિર્દોષ | – | – |



**(DEVANSHU SHARMA)**
**PRINCIPAL CIVIL JUDGE, MAHUVA**

## –:: નમુના – સી :: –

## :: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે મૌખિક પુરાવા ::

### (એ) ફરિયાદપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :–

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| | | **મુખ્ય સાહેદો** | |
| ૦૩ | ૦૭ | દિવ્યેશભાઈ બાબુભાઈ | ફરિયાદી |
| | | **પંચસાહેદો** | |
| ૦૧ | ૦૪ | અલ્લારખા હુશેનમીયા શેખ | (આંક–૦૫) ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| ૦૨ | ૦૬ | ભાવેશભાઈ મનુભાઈ પટેલ | |
| | | **પોલીસ સાહેદ** | |
| ૪ | ૦૯ | કમાભાઈ બાબુભાઈ | તપાસ કરનાર અમલદાર |

### (બી) બચાવપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :–

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

### (સી) કોર્ટ તરફેના સાહેદોનું લીસ્ટ :–

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

## :: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવા ::

### (એ) ફરિયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૦૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૦૮ | ફરિયાદ |

## (બી) બચાવપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :-

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :-

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

## :: મટીરીયલ ઓબ્જેક્ટસ/મુદ્દામાલનું લીસ્ટ ::

| અનું. નં. | વિગત |
|---|---|
| – | – |

## --//જજમેન્ટ//--

**ફરિયાદ હકીકતનુ ટુંકમાં વર્ણન:-**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૮/૧૫ વાગ્યેના મોજે મીયાપુર ત્રણ રસ્તા રોડ ઉપર જાહેરમાં આ કામના તહોમતદાર એક હિરો હોંડા મોટર સાયકલ જેનો રજિ. નં.GJ-15-P-4050 નો પુરઝડપે બેફીકરાય અને ગફલતભરી રીતે હંકારી પોતાની તેમજ બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારી લાવી ગુનો કરેલ હોય જેથી તેની સામે ઉપર મુજબનાં ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

**(૨)** ચાર્જશીટ રજુ થતા ચાર્જશીટ રજીસ્ટરે લઈ આરોપીને સમન્સની બજવણી થતા આરોપી તેના વિ.વ.શ્રી મારફત નામ.કોર્ટમાં હાજર

થતાં, બી.એન.એસ.એસ.ની કલમ – ૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ છે અને આરોપીની આંક–૦૩ થી પ્લી લેતા જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. આથી આરોપી સામે આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયેલાનું આંક–૧૦ થી જાહેર કરેલ છે. ત્યારબાદ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપીએ ફરિયાદપક્ષની મહત્તમ હકીકતોનો ઈન્કાર કરી, સોગંદ ઉપર પુરાવો આપવો નથી, બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે અમારા ઉપર ખોટો કેસ કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) <u>**આ કેસનાં ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદા ઉપસ્થિત થાય છેઃ–**</u>

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૮/૧૫ વાગ્યેના મોજે મીયાપુર ત્રણ રસ્તા રોડ ઉપર જાહેરમાં આ કામના તહોમતદાર એક હિરો હોંડા મોટર સાયકલ જેનો રજિ. નં.GJ–15–P–4050 નો પુરઝડપે બેફીકરાય અને ગફલતભરી રીતે હંકારી પોતાની તેમજ બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારી લાવી બી.એન.એસ.ની કલમ– ૨૮૧ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?



(DEVANSHU SHARMA)
PRINCIPAL CIVIL JUDGE, MAHUVA

(૫) <u>ઉપરોકત મુદાની ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે:</u>

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૬) આરોપી સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિદ્ધાંત અનુસાર કોઈપણ ફોજદારી પ્રકારની શરૂઆતની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે ત્યારે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવાની છે. પ્રથમ અનુમાનમાં આરોપીએ કરેલ ગુનામાથી તે નિર્દોષ છે તે અનુમાન સાથે ફોજદારી પ્રકારની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવતી હોય છે. આરોપી વિરુદ્ધ કરવામાં આવતાં આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને તે જવાબદારી કોઈપણ સંજોગોમાં ઓછી થતી નથી. રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનાં મુલ્યાંકન સાથે ઝીણવટપુર્વક અભ્યાસ કરી નિર્ણય ઉપર પહોંચવાનું હોય છે. આમ, હાલનાં ગુનામાં આરોપી વિરુદ્ધની હકીકતો નિઃશંકપણે સાબિત કરવાં અંગેનો પુરાવો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે.

(૭) સદર કામે ફરીયાદપક્ષે સોગંદ પર તપાસેલ સાહેદો નીચે મુજબ છે.

(૭.૧) સદર કામે ફરિયાદપક્ષે આરોપી સામેનો હાલનો ગુનો પુરવાર કરવા માટે આંક–૦૪ થી પંચ સાહેદ અલ્લારખા હુશેનમીયા શેખને તપાસવામાં આવેલ છે અને તેઓ તેની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "પોલીસે અમોને બોલાવેલ અને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા અમોએ સહી કરેલ. તે સિવાય પોલીસે અમારી હાજરીમાં કોઇ કાર્યવાહી કરેલી નથી. મે પોલીસને કોઈ પંચનામુ લખાવેલ નથી. પોલીસે મારી હાજરીમાં કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. મને આજરોજ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે, તે ઝેરોક્ષ

પંચનામામાં પંચ નં-૧ તરીકે મારી સહી છે જે સહી હું ઓળખુ છું. સદર ઝેરોક્ષ પંચનામાને આંકે પાડવા સામે બચાવપક્ષે વાંધો ન હોય જેથી સદર પંચનામાને રજુ દાખલ આંક- ૦૫ આપવામાં આવે છે."

આમ, સદરહુ પંચ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી.ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવતાં તેમની ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડતા નથી.

ત્યારબાદ સદરહુ પંચ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા પંચ સાહેદ જણાવે છે કે "એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર લખેલ કાગળ ઉપર સહી કરવાનું કહેતા મે સહી કરેલી. એ વાત ખરી છે કે, કાગળમાં શું લખેલ હતુ તે મે વાંચેલ નહીં કે પોલીસે મને વંચાવેલ નહીં."

**(૭.૨)** ત્યારબાદ આંક-૦૬ થી પંચ સાહેદ ભાવેશભાઈ મનુભાઈ પટેલને તપાસવામાં આવેલ છે અને તેઓ તેની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે "પોલીસે અમોને બોલાવેલ અને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા અમોએ સહી કરેલ. તે સિવાય પોલીસે અમારી હાજરીમાં કોઇ કાર્યવાહી કરેલી નથી. મે પોલીસને કોઈ પંચનામુ લખાવેલ નથી. પોલીસે મારી હાજરીમાં કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. મને આજરોજ આંક-૦૫ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે, તે પંચનામામાં પંચ નં.૨ તરીકે મારી સહી છે જે હું ઓળખું છું."

આમ, સદરહુ પંચ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી.ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવતાં તેમની ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો પુરો પાડતા નથી.

ત્યારબાદ સદરહુ પંચ સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા

ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા પંચ સાહેદ જણાવે છે કે "એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર લખેલ કાગળ ઉપર સહી કરવાનું કહેતા મે સહી કરેલી. એ વાત ખરી છે કે, કાગળમાં શું લખેલ હતુ તે મે વાંચેલ નહીં કે પોલીસે મને વંચાવેલ નહીં."

(૭.૩) સદર કામે ફરિયાદપક્ષે આરોપી સામેનો હાલનો ગુનો પુરવાર કરવા માટે આંક–૦૭ થી ફરિયાદી દિવ્યેશભાઈ બાબુભાઇને તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ હું તથા પંચોના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન મોજે મીચાપુર ત્રણ રસ્તા ઉપર જાહેરમાં આવતા ત્યાં આગળ એક હિરો હોન્ડા મોટર સાયકલ જેનો રજીસ્ટ્રેશન નંબર GJ–15–9–4050 નો ચાલક પોતાનુ વાહન પુરઝડપે અને બેફીકરાઇથી અને ગફલતભરી રીતે હંકારી પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારી લાવેલ હોય તેને રોડની સાઈડે ઉભો રખાવી સાથેના પંચોના માણસો રૂબરૂ ચાલકનું નામ ઠામ પુંછતાં તેણે પોતાનું નામ સતિષભાઈ શંકરભાઈ પટેલ રહેવાસી–રાણત, દાદરી ફળીયુ, તા.મહુવા, જી.સુરત મુળ રહેવાસી–તલાવચોળા, ઠચા ફળીયુ, તા.ચિખલી, જી.નવસારીના હોવાનું જણાવતા પંચનામાની વિગતે આરોપીની અટક કરી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી થવા સારૂ અમોએ મહુવા પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. મને ઝેરોક્ષ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે. જે હું ઓળખી બતાવું છું. સદર ઝેરોક્ષ ફરિયાદને આંકે પાડવા સામે બચાવપક્ષને વાંધો ન હોય જેથી ફરિયાદને રજૂ દાખલ આંક–૦૮ આપવામાં આવે છે. આરોપીને જોયેથી ઓળખુ છું."

ત્યારબાદ સદરહુ ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે "એ વાત ખરી છે કે, મહુવા થી મીચાપુર જાહેર રસ્તો આવેલો છે અને ત્યાંથી વાહનોની સતત અવરજવર રહે છે. એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યાએ પાસે ત્રણ રસ્તા આવેલા છે. એ વાત ખરી છે કે મીચાપુર ત્રણ રસ્તા પાસે ઘણી બધી દુકાનો

આવેલી છે અને તે લોકોની અવરજવર વાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે મે મારી ફરિયાદમાં પેટ્રોલીંગમાં ગયેલ વાહનનો નંબર જણાવેલ નથી. એ વાત ખરી છે કે મિયાપુર બંને રસ્તાની આજુબાજુ બમ્ફ આવેલા છે જેથી સામાન્ય રીતે ત્યાં વાહન ધીમુ હંકારવુ પડે. એ વાત ખરી નથી કે પંચોને સાથે લઈ ગયેલ નથી. એ વાત ખરી નથી કે ઉપલા અધિકારીને સારી કામગીરી બતાવવા માટે ખોટી ફરિયાદ કરેલ છે."

**(૭.૪)** ત્યારબાદ આંક-૦૯ થી તપાસ કરનાર અમલદાર કમાભાઈ બાબુભાઈને તપાસવામાં આવેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, "તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ હું તથા પંચોના માણસો તથા બીજા પોલીસ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન મોજે મીચાપુર ત્રણ રસ્તા ઉપર જાહેરમાં આવતા ત્યાં આગળ એક હિરો હોન્ડા મોટર સાયકલ જેનો રજીસ્ટ્રેશન નંબર GJ-15-9-4050 નો ચાલક પોતાનુ વાહન પુરઝડપે અને બેફીકરાઇથી અને ગફલતભરી રીતે હંકારી પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે હંકારી લાવેલ હોય તેને રોડની સાઈડે ઉભો રખાવી સાથેના પંચોના માણસો રૂબરૂ ચાલકનું નામ ઠામ પુંછતાં તેણે પોતાનું નામ સતિષભાઈ શંકરભાઈ પટેલ રહેવાસી-રાણત, દાદરી ફળીયુ, તા.મહુવા, જી.સુરત મુળ રહેવાસી-તલાવચોળા, ઠચા ફળીયુ, તા.ચિખલી, જી.નવસારીના હોવાનું જણાવતા પંચનામાની વિગતે આરોપીની અટક કરી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી થવા સારૂ સાથેના અ.પો.કો. દિવ્યેશભાઈ બાબુભાઈ નાઓએ મહુવા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. સદર ફરિયાદ રજીસ્ટર થઈ આગળની તપાસ અમોને મળતા અમોએ તપાસના કામે કરવામાં આવેલ પંચનામુ સામેલ રાખી આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો પડતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખુ છું."

ત્યારબાદ સદરહુ તપાસ કરનાર અમલદારની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમા તેઓ જણાવે છે કે "એ

વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ત્રણ રસ્તા આવેલા છે. એ વાત ખરી છે કે આ ત્રણ રસ્તા ઉપર ઘણા બધા વાહનો અને લોકોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ બમ્પફ્રર આવેલા છે. એ વાત ખરી છે કે સામાન્ય રીતે ત્રણ રસ્તા ઉપર વાહન ધીમુ ચલાવવુ પડે. એ વાત ખરી છે કે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે તૈયાર પંચનામા ઉપર પંચોની સહીઓ કરાવેલી. એ વાત ખરી નથી કે ફરિયાદી મારા સાથી કર્મચારી થતા હોય તેઓની ફરિયાદને સમર્થન કરવા ખોટી તપાસ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જસીટ કરેલ છે."

(૮) વધુમાં, મુદ્દા નં. ૧ ની હકીકતો ધ્યાને લઇ, તે માટેની બી.એન.એસ. કલમ વંચાણે લેતા...

**Sec 281: Rash driving or riding on a public way:-**

Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

વધુમાં એમ.વી.એક્ટ ની કલમ વંચાણે લેતા.....

**177: Sec .General provision for punishment of offences:-**

Whoever contravenes any provision of this Act or of any rule, regulation or notification made thereunder shall, if no penalty is provided for the offence be punishable for the first offence with fine which may extend to one hundred rupees, and for any second or subsequent offence with fine which may extend to three hundred rupees.

**184: Sec. Driving dangerously:-**

Whoever, drives a motor vehicle at a speed or in a manner which [is dangerous to the public or which causes a sense of alarm or distress to the occupants of the vehicle, other road users, and persons near roads,] having regard to all the circumstances of case including the nature, condition and use of the place where the vehicle is driven and the amount of traffic which actually is at the time or which might reasonably be expected to be in the place, shall be punishable for the first offence with imprisonment for a term [which may extend to one year but shall not be less than six months or with fine which shall not be less than one thousand rupees but may extend to five thousand rupees, or with both], and for any second or subsequent offence if committed within three years of the commission of a previous similar offence with imprisonment for a term which may extend to two years, or with fine [of ten thousand rupees], or with both.

4 [Explanation.-- For the purpose of this section,--

(a) jumping a red light;

(b) violating a stop sign;

(c) use of handheld communications devices while driving;

(d) passing or overtaking other vehicles in a manner contrary to law;

(e) driving against the authorised flow of traffic; or

(f) driving in any manner that falls far below what would be expected of a competent and careful driver and where it would be obvious to a competent and careful driver that driving in that manner would be dangerous, shall amount to driving in such

manner which is dangerous to the public.]

## (૯) મુદ્દા નં. ૧ ની ચર્ચા

સદર કામે તમામ સાહેદોની જુબાનીનો પુરાવો વંચાણે લીધો તેમજ તે અનુસંધાને બી.એન.એસ. ની કલમ ધ્યાને લીધી.

આમ, ઉપરોકત ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે જે પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ છે તે સમગ્ર પુરાવો ધ્યાને રાખી મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે આંક–૦૪ થી PW – 1 પંચ સાહેદ અલ્લારખા હુશેનમીયા શેખ તથા આંક – ૦૬ થી PW – 2 પંચ સાહેદ ભાવેશભાઈ મનુભાઈ પટેલનાઓને તપાસવામાં આવેલ છે અને તેઓની સોગંદ પરની જુબાનીઓ જોવામાં આવે તો તેઓએ પંચનામાંથી વિપરીત પ્રકારનો પુરાવો રજુ કરેલ હોય તે સંજોગોમાં આંક – ૦૫ ના ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતો સાબિત થતી નથી. પંચ સાહેદોની જુબાનીઓથી પંચનામાની હકીકતો પુરવાર થતી નથી તેમ અદાલતનું માનવું છે. જેથી પંચ સાહેદોની જુબાનીઓથી પંચનામાની હકીકતોને સમર્થન મળતુ ના હોય જેથી હાલના કામે પંચનામાને પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાય નહી. વધુમાં, પંચોની જુબાનીઓ વંચાણે લેતા પંચનામાની હકીકત કે કેસની હકીકત પુરવાર થતી હોય તેવુ માની શકાય નહી જેથી એવુ કહી શકાય નહી કે હાલના આરોપીએ સદર ગુનો કરેલ છે અને જયારે પંચ સાહેદો પંચનામા અને કેસની હકીકતથી ઉલટ જુબાનીઓ આપતા હોય ત્યારે પંચનામાની અને કેસની હકીકત પુરવાર થતી હોય તેવુ કહી શકાય નહી અને હાલની જુબાનીઓ જોતા સરતપાસ અને ઉલટતપાસમાં તેઓ પંચનામાની હકીકતથી અલગ હકીકતો જણાવે છે, જેથી તેમની જુબાનીઓમાં વિરોધાભાસ જણાય છે. તેઓનો પુરાવો સદર કેસની હકીકતોને સાબિત કરવામાં મદદરૂપ બનતો નથી. આમ, તેઓની જુબાનીઓથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

વધુમાં, આંક – ૦૭ થી PW – 3 ફરીયાદી દિવ્યેશભાઈ

બાબુભાઈ નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની જોવામાં આવે તો તે પોલીસ ફરીયાદી છે અને પોતાની ફરીયાદને સમર્થનકારી જુબાની આપે તે સ્વાભાવીક છે પરંતુ સદર ફરીયાદી સાહેદ પોતાની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે મહુવા થી મીચાપુર જાહેર રસ્તો આવેલો છે અને ત્યાંથી વાહનોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ પાસે ત્રણ રસ્તા આવેલા છે. એ વાત ખરી છે કે મીચાપુર ત્રણ રસ્તા પાસે ઘણી બધી દુકાનો આવેલી છે અને તે લોકોની અવરજવર વાળો વિસ્તાર છે. આમ, સદરહુ હકીકતો જોતા બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ હતા. વધુમાં, તેઓ તેમની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે એ વાત ખરી છે કે મેં મારી ફરીયાદમાં પેટ્રોલીંગમાં ગયેલ વાહનનો નંબર જણાવેલ નથી. આમ, સદર હકીકત જોતા પેટ્રોલીંગમાં ગયેલ હોવા અંગે શંકા ઉભી થાય છે. આમ, સદરહુ ફરીયાદીના પુરાવા થકી ફરીયાદપક્ષનો કેસ નિઃશંકપણે પુરવાર થતો નથી.

વધુમાં, આંક – ૦૯ થી PW – 4 તપાસ કરનાર અમલદાર કમાભાઈ બાબુભાઇનાઓને તપાસવામાં આવેલ છે અને તેઓની સોગંદ પરની જુબાની જોવામાં આવે તો તેઓ સદર કામે તપાસ કરનાર અમલદાર હોય પોતાની તપાસને સમર્થનકારી જુબાની આપે તે સ્વાભાવીક છે પરંતુ સદર તપાસ કરનાર અમલદાર તેમની ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ત્રણ રસ્તા આવેલા છે. એ વાત ખરી છે કે આ ત્રણ રસ્તા ઉપર ઘણા બધા વાહનો અને લોકોની અવરજવર રહે છે. એ  વાત ખરી છે કે આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. આમ, સદરહુ હકીકતો જોતા સદર કામે બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ હોવા છતાં સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી કે કોઇ સ્વતંત્ર સાહેદોને સોગંદ પર તપાસવામાં આવેલ ન હોય ત્યારે માત્ર પોલીસ સાહેદોની જુબાનીઓ ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, સદર તપાસ કરનાર અમલદારની જુબાની થકી ફરીયાદપક્ષનો કેસ નિઃશંકપણે પુરવાર થતો નથી.



**(DEVANSHU SHARMA)**
**PRINCIPAL CIVIL JUDGE, MAHUVA**

સદર કામે આરોપી સામેનો હાલનો કેસ પુરવાર કરવા માટે પોલિસ ફરિયાદી તથા તપાસ કરનાર અમલદારનાં પુરાવાને અન્ય સ્વતંત્ર સાહેદનાં પુરાવાનું સમર્થન મળવું જરૂરી છે. પરંતુ બનાવવાળી જગ્યા જાહેર હોવા છતાં પણ અને સ્વતંત્ર સાહેદો મળી આવે તેમ હોવા છતા પણ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધેલા નથી.

ઉપરોકત તપાસેલ સ્વતંત્ર પંચસાહેદ પોતાની જુબાનીમાં આરોપી પોતાનું વાહન રાહદારીઓને અડચણરૂપ થાય કે ભયજનક સ્થિતીમાં રોડ ઉપર હંકારી લાવેલ હોવાની હકીકતને સમર્થન આપતા નથી. આમ, તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત પુરવાર કરી શકેલ નથી.

આ કામે તપાસેલ પોલીસ ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર પોતાની જુબાની દ્વારા ફરીયાદને સમર્થન કરે તે સ્વાભાવિક છે પરંતુ આ કામે ફરીયાદપક્ષ તરફથી અન્ય કોઇ પુરાવો રજુ થયેલ નથી. હાલના કેસમાં પણ આરોપી પોતાનું વાહન રાહદારીઓને અડચણરૂપ થાય કે ભયજનક સ્થિતીમાં રોડ ઉપર હંકારી લાવેલ કે કેમ તે સંદર્ભે પંચ સાહેદ કોઇ હકીકત જણાવતા નથી. ત્યારે **સ્ટેટ ઓફ ગુજરાત વિ.સુરેશભાઈ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧)** માં નામ.ગુજરાત હાઈકોર્ટનાં પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લેતાં, જયારે પંચસાહેદો ફરીયાદપક્ષને સમર્થન કરતાં ન હોય ત્યારે ફરીયાદપક્ષનાં સદર પુરાવા ઉપર માત્ર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહીં. વધુમાં જયારે પંચ–સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય ત્યારે અન્ય પોલિસ સાહેદોને તપાસવાથી કેસનાં પરિણામ પર કોઈ અસર થતી નથી.

આમ, આ કામે ફરીયાદપક્ષ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી, ફરીયાદ હકીકત પુરવાર કરી શકેલ ન હોઇ, આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. જેથી મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપું છું અને મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.



**(DEVANSHU SHARMA)**
**PRINCIPAL CIVIL JUDGE, MAHUVA**

## **-// આખરી હુકમ //-**

(૧) આરોપી – સતિષભાઈ શંકરભાઈ પટેલનાઓને બી.એન. એસ.એસ.ની કલમ – ૨૭૮ મુજબ બી.એન.એસ.ની કલમ – ૨૮૧ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭,૧૮૪ મુજબનાં ગુનાનાં આરોપમાંથી પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ – ૪૮૧ અન્વયે અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે આરોપીએ રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના છ માસની મુદત માટે જામીન રજુ કરવાં.

હુકમ આજ તારીખ ૦૩જી માહે એપ્રીલ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૩/૦૪/૨૦૨૬
સ્થળ : મહુવા, જિ.સુરત

**(દેવાંશુ શર્મા)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ અને**
**જ્યુડી.મેજી.ફ.ક., તા.મહુવા જિ.સુરત**
**કોડ નં.જીજે૦૧૬૧૯**



**(DEVANSHU SHARMA)**
**PRINCIPAL CIVIL JUDGE, MAHUVA**

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તા.૧૫/૧૨/૨૦૨૫ ના રોજના ચુકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર...

## <u>પરિશિષ્ટ</u>

## <u>ફરિયાદપક્ષે તપાસેલા સાહેદોનું લીસ્ટ</u>

| સાહેદ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | અલ્લારખા હુશેનમીયા શેખ | (આંક–૦૫) ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| ૨ | ભાવેશભાઈ મનુભાઈ પટેલ | |
| ૩ | દિવ્યેશભાઈ બાબુભાઈ | ફરિયાદી |
| ૪ | કમાભાઈ બાબુભાઈ | ત.ક.અમલદાર |

તારીખ:૦૩/૦૪/૨૦૨૬
સ્થળ : મહુવા, જિ.સુરત

(દેવાંશુ શર્મા)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડી.મેજી.ફ.ક., તા.મહુવા જિ.સુરત
કોડ નં.જીજે૦૧૬૧૯



**(DEVANSHU SHARMA)**
**PRINCIPAL CIVIL JUDGE, MAHUVA**

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તા.૧૫/૧૨/૨૦૨૫ ના રોજના ચુકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર...

## પરિશિષ્ટ

## ફરિયાદપક્ષે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ

| આંક | દસ્તાવેજી પુરાવાનું વર્ણન | કયા સાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે? સાહેદ નંબર |
|---|---|---|
| ૦૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૧ અને ૦૨ |
| ૮ | ફરિયાદ | ૩ |

તારીખ:૦૩/૦૪/૨૦૨૬
સ્થળ : મહુવા, જિ.સુરત

(દેવાંશુ શર્મા)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જ્યુડી.મેજી.ફ.ક., તા.મહુવા જિ.સુરત
કોડ નં.જીજે૦૧૬૧૯

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તા.૧૫/૧૨/૨૦૨૫ ના રોજના ચુકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર...

**<u>પરિશિષ્ટ</u>**

**<u>ફરિયાદ પક્ષે રજૂ કરેલા મટીરીયલ ઓબ્જેક્ટસ/મુદ્દામાલનું લીસ્ટ</u>**

| મુદ્દામાલ આર્ટીકલ નંબર | મુદ્દામાલનું વર્ણન | કયા સાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે? સાહેદ નંબર |
|---|---|---|
| – | – | – |

તારીખ:૦૩/૦૪/૨૦૨૬
સ્થળ : મહુવા, જિ.સુરત

(દેવાંશુ શર્મા)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડી.મેજી.ફ.ક., તા.મહુવા જિ.સુરત
કોડ નં.જીજે૦૧૬૧૯



(DEVANSHU SHARMA)
PRINCIPAL CIVIL JUDGE, MAHUVA